વાવોલની સૂર્યા સિનેમામાં શોર્ટ સર્કિટથી આગ

પ્રથમ રોની છ જેટલી સીટો બળીને ખાખ : ફાયરબ્રિગેડે પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક વાવોલ ગામે આવેલ સૂર્યા સિનેમામાં આજે સવારના સવારે પંખામાં સોર્ટસર્કિટ થતાં અચાનક જ આગ ભભૂકી ઉઠી હતી. જેમાં આગળની રોની છ સીટો બળીને ખાખ થઈ ગઈ હતી. બાદમાં ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે તાત્કાલિક દોડી આવી આગને કાબુમાં લીધી હતી. જો કે આ આગમાં કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામી નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક આવેલ વાવોલ ગામે સૂર્યા સિનેમા નામનું થિયેટર આવેલું છે. જ્યાં આજે સવારે આશરે ૯ વાગ્યાના અરસામાં થિયેટરમાં લાગેલા પંખાના વાયરમાં સોર્ટસર્કિટ થતા આગ ભભૂકી ઉઠી હતી. ધીમે ધીમે આગ વધુ ખતરનાક બનતા તેની જ્વાળાઓ નીચે બેસવાની સીટો સુધી પહોંચી હતી. રેગ્ઝીન વાળીસીટો હોવાથી આગ લાગતા છ જેટલી સીટો બળીને ખાખ થઈ ગઈ હતી. જ્યારે આસપાસમાં થોડી ભાગદોડ થઈ હતી. આગ લાગતાની સાથે ગાંધીનગર ફાયર ફાયટરમાં જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર મહેશ મોઢ પોતાની ટીમ સાથે બનાવ સ્થળે દોડી આવ્યા હતા. અને આગ પર પાણીનો મારો કરી આગને કાબુમાં લીધી હતી જો કે આ આગમાં સદનસીબે કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામી નથી.

ગાંધીનગરમાં નધણિયાતા ટ્રાફિક પ્રશ્નો : રીક્ષાઓવાળા બેફામ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ તરફથી પાટનગર ગાંધીનગરમાં ટ્રાફિકને લગતા પ્રશ્નોની વાહન-વ્યવહાર મંત્રી નીતિનભાઈ પટેલ અને ગૃહમંત્રી રજનીભાઈ પટેલ સાથે રજૂઆત કરવામાં આવી હતી. રાજયના પાટનગરમાં સંખ્યાબંધ રજૂઆત કર્યા પછી પણ રીક્ષાઓ ઉપર કોઈ નિયંત્રણ નથી. મીટરો નથી મનફાવે તેટલું ભાડું વસુલવામાં આવે છે. પાટનગરની પ્રજાને ત્રાસમાંથઈ બચાવવા આર.ટી.ઓ, ટ્રાફિક પોલીસ, જિલ્લા કલેકટરશ્રીનું અસરકારક સંકલન અનિવાર્ય છે. જેનાથી અસરકારક પરિણામો લાવવાની જરૂર છે.

ગતિ મર્યાદા પાટનગરમાં ૪૫ કિ.મી. રાખવામાં આવેલ છે. પરંતુ ગતિ નિયંત્રણ કયાંય નથી. પરિણામે ૮૦થી ૧૧૦ કિ.મી.ની ગતિએ વાહનો દોડે છે. સર્કલે પરના ટ્રાફિક પોલીસ, હોમગાર્ડ તે જોવા છતાં પગલાં લેતા નથી. પરિણામે સલામતી જોખમી બને છે.

ખાનગી જીપો બેફામ ગતિથી દોડે છે. ઘેટાંબકરાંની જેમ મુસાફરો ભરવામાં આવે છે. ટ્રાફિક પોલીસની નજર સામે ઘ-૩ સર્કલ પાસે જોવા મળે છે. ટ્રાફિક પોલીસ આર.ટી.ઓ. શા માટે આંખ આડા કાન કરે છે. શું કલેકટરશ્રી ,પોલીસવડાને આ ખબર નથી. તેમને જોવા મળતું નથી તો આ અંગે કેમ પગલાં ભરાતાં નથી. લોક દરબારમાં જાહેર કાર્યક્રમોમાં આવા પ્રશ્નો રજૂ કરાય છે. રખડતા ઢોરનો બેફામ ત્રાસનો સમાવેશ થાય છે તો કેમ કાર્યવાહી થતી નથી.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડિયા, પૂર્વ ઉપપ્રમુખ જયંતભાઈ ભટ્ટએ રજૂઆત કરેલ છે.

રાંધેજા ગામે મંદિરની જમીન મામલે મંદિર ટ્રસ્ટી પર ચાર શખ્સોએ હુમલો કર્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક રાંધેજા ગામે દિવાની પાટી રામજી મંદિર ટ્રસ્ટની જમીનના ખોટા દસ્તાવેજો બનાવી રાંધેજા ગામના જ એક શખ્સે અન્ય એક શખ્સને વેચી મારી હતી. જમીન વેચી મારી તેના પર પ્લોટીંગ કરવામાં આવતા મંત્રી ટ્રસ્ટે કાનૂની કાર્યવાહી કરવાનું કહેતા ચાર શખ્સોએ રામજી મંદિર ટ્રસ્ટી મંડળના એક ટ્રસ્ટી પર લાકડી વડે હૂમલો કરી ઢોર માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી. ઘાયલ વ્યક્તિને ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટના અંગે પેથાપુર પોલીસે ચાર શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક રામજી મંદિર (દિવાની પાટી વિસ્તાર) ખાતે મંદિરની પાસે આવેલી જમીન પર વર્ષો પહેલા રાંધેજા ગામના જ દિનેશ આત્મારામ પટેલના પિતાએ ગણોતધારામાં આ જમીન પડાવી લીધી હતી. અને વર્ષોથી તેની પર વાવેતર કરતા હતા. જે જમીન મૂળ મંદિર ટ્રસ્ટના નામે જ છે. તેમ છતાં આત્મારામ પટેલના પુત્ર દિનેશ પટેલે ખોટા દસ્તાવેજો ઉભા કર્યા હતા અને આ જમીન રાંધેજા ગામના જ શૈલેષ માણેકભાઈ રબારીને વેચી મારી હતી. અને શૈલેષ જમીનનો કબજો મેળવી લીધો હતો. આથી થોડા સમય પહેલા જમીન લેનાર શૈલેષ રબારીએ આ જમીન પર પ્લોટીંગ કરી ત્યાં રોયલ નામની એક સ્કીમ મુકી હતી અને તેના પર બાંધકામ શરૂ કર્યું હતું. ટ્રસ્ટની જમીન પર ગેરકાયદેસર બાંધકામ થતું જોઈ રામજી મંદિર ટ્રસ્ટી મંડળના સભ્યોએ આ જમીન અંગે વર્તમાન પત્રોમાં જાહેર નોટિસ આપી હતી. જેને જોઈ રાંધેજાના ચાર શખ્સો મુકેશ માણેકભાઈ રબારી, ભાઈ શૈલેષ માણેકભાઈ રબારી, જીવણ હીરાભાઈ રબારી અને ટ્રસ્ટની જમીન વેચી નાખનાર દિનેશ આત્મારામ પટેલે ગેરકાયદેસર મંડળી રચી ટ્રસ્ટી મંડળના સભ્ય વિનુભાઈ પ્રહલાદભાઈ પટેલની સાથે ઝઘડો કરી માથાફૂટ કરી હતી અને બાદમાં બે શખ્સો લાકડીઓ વડે હૂમલો કર્યો હતો. જ્યારે અન્ય બે શખ્સોએ તેમને ઢોર માર મારી લોહીલૂહાણ કરી નાખ્યા હતા. ગંભીર ઈજાગ્રસ્ત વિનુભાઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સંદર્ભે પેથાપુર પોલીસમથકમાં જાણ થતાં પોલીસે વિનુભાઈ આત્મારામ પટેલની ફરીયાદ લઈ તમામ ચારે ચાર શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બે સેકટરોને જોડતા ક્રોસ રોડ-અન્ડર ગ્રાઉન્ડ રસ્તા જીવંત બનાવો

ગાંધીનગર, તા. ૨૧

પાટનગરમાં ૨૩૦૦૦ જેટલા સીનીયર સીટીઝનો વસવાટ કરે છે. જેમનો પ્રાણપ્રશ્નોને નિકાસ માટે ગાંધીનગર શેહર જાગૃત નાગરિક પરિષદ ઝઝુમી રહી છે. પાટનગરના વિકાસની દૃષ્ટિએ બે સેકટરોને જોડતા ક્રોસ રોડ- અન્ડર ગ્રાઉન્ડ રસ્તા જીવંત બનાવવા માટે માર્ગ-મકાન વિભાગના મંત્રી આનંદીબેન પટેલ સમક્ષ રજૂઆત કરેલ છે.

જ્યારે ૭૦૦૦૦ની વસ્તી હતી તે પ્રમાણે ગાંધીનગરનું આયોજન થયેલ છે. ૪૩ વર્ષ પછી અઢી લાખથી પણ વસ્તી થઈ છે તો તેના પૂર્વ આયોજનના તમામ આંદાજો પ્લાન ખોટા સાબિત થયા છે. દ્વિમાર્ગીય, છ માર્ગીય રસ્તા બનાવવા પડ્યા છે. સેકટર-૧થી ૧૪નો નવેસર વિકાસ કરવો પડેલ છે. નવા ગાંધીનગર તરીકે પણ વિકાસ કરવાની અનિવાર્યતા ઊભી થયેલ છે. ૫૦,૦૦૦ હજાર વાહનો બેફામ ગતિએ દોડે છે. અન્ય જિલ્લામાં પરપ્રાંતિય રાજ્યોમાંથી વાહનો પણ મોટા પ્રમાણમાં આવે છે. મૂળભુત આયોજન વ્યવસ્થા પ્રમાણે બે સેકટરોને જોડતા ક્રોસ રોડ અન્ડર ગ્રાઉન્ડ બનાવવાના હતા. પરંતુ અનેક રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. સેકટર-૨૧ પોલીસ સ્ટેશન પાસે, પંચદેવમંદિર સેકટર-૨૧-૨૨, સુમન સીટી પાસે સેકટર-૧૦-૧૧ જોડતા નાળા દૃષ્ટાંતો છે. આ પ્રશ્ન તાદીટે સમીક્ષા કરવાની જરૂરિયાત છે.

ગાંધીનગર શેહર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાી વાડીઆ, ભૂતપૂર્વ ઉપપ્રમુખ જયંતભાઈ ભટ્ટે રજૂઆત કરેલ છે.

થાઈલેન્ડના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર સિવિલમાં ૧૦૮ સેવાની કામગીરી નિહાળી

ગાંધીનગર, તા. ૨૧

થાઈલેન્ડના આરોગ્ય મંત્રાલયના પાંચ સભ્યોના એક પ્રતિનિધિ મંડળે આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવી ગુજરાતમાં ચાલતી ૧૦૮ સેવાની કામગીરી જોઈ તેના વિશે નિષ્ણાંતોની મદદથી માહિતી મેળવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર થાઈલેન્ડ દેશના આરોગ્ય મંત્રાલયના પાંચ સભ્યોના બનેલા એક પ્રતિનિધિ મંડળ આજે ગુજરાતમાં આવી પહોંચ્યું હતું. આ પ્રતિનિધિ મંડળે સૌપ્રથમ ગુજરાતમાં ચાલતી ૧૦૮ એમ્બ્યુલન્સની વિગતો મેળવી અમદાવાદના કઠવાડા સ્થિત ૧૦૮ ના મુખ્ય મથકની મુલાકાત લીધી હતી. બાદમાં પ્રતિનિધિ મંડળના તમામ સભ્યો ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવી ગયા હતા. જ્યાં ડૉ. હસમુખ નાયક અને જયરાજ દેસાઈએ ૧૦૮ની કામગીરી વિશે રૂબરૂ વિશેષ માહિતી આપી હતી. જ્યારે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે મુસ્કેલી ભર્યા સમયમાં કેવી કેવી સાહસિક કામગીરી કરી છે અને તેને કયા કયા પ્રકારના પુરસ્કાર પ્રાપ્ત થયા છે તેની અંગે પણ મુલાકાત લેનાર પ્રતિનિધિમંડળને વાકેફ કર્યા હતા. જો કે પ્રતિનિધિ મંડળ પણ આ માહિતી મેળવી ખુશી વ્યક્ત કરી હતી.

શાળા આરોગ્ય કાર્યક્રમમાં ૭ લાખથી વધુ બાળકોને આવરી લેવાશે

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવા માટે આવતા તથા ન ભણતા મળી અંદાજે ૭,૦૭,૭૫૦ બાળકોને તપાસવાનો શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ આગામી તા. ૨૨ નવેમ્બરથી શરૂ થશે. જેમાં ગંભીર રોગોથી પીડાતા બાળકોને આરોગ્ય વિભાગ દ્વારા શારીરિક તપાસણી કરવામાં આવશે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા તા. ૨૨ નવેમ્બરથી શરૂ થતા શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આઈ.સી.ડી.એસ., શિક્ષણ અને આરોગ્ય વિભાગ સાથે સંકલન કરી ૪૫ દિવસ સુધી મેડીકલ ઓફીસરોની દેખરેખ હેઠળ જિલ્લામાં આવેલા અંદાજે ૭,૦૭,૭૫૦ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવશે. આ અંગે આરોગ્ય મદદનીશ સુમનભાઈ રાવલે જણાવ્યું હતું કે જિલ્લાની પ્રાથમિક શાળાના ૩,૮૦,૪૨૭, માધ્યમિક અને હાઈસ્કૂલના ૧,૨૫,૮૩૧, આંગણવાડી કેન્દ્રના ૧,૮૫,૫૮૫ મળી ૭,૦૪,૭૫૦ બાળકોની આરોગ્ય તપાસણી કરી બિમારીવાળા બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવશે છતાં કોઈ બાળકમાં ગંભીર બિમારી જણાશે તો ઓપરેશન કરવા સુધીની સારવાર નિઃશુલ્ક આપવામાં આવશે.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સીના માર્ગદર્શન હેઠળ ૪૪૧ ટીમો તૈયાર કરવામાં આવી છે. જેમાં મેડીકલ ઓફીસરો, મુખ્ય સેવિકા-૧૪૩, એ,એફ.એચ. વર્કર-૪૧૩, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર-૩૧૩, સ્ટાફ નર્સ-૫૧ સહિત કુલ ૨૨૦૦ થી વધુ કર્મચારીઓ સાથેની ૪૪૧ ટીમો તૈયાર કરવામાં આવી છે. જેનું જિલ્લા અધિકારી ડૉ. મનિષ ફેન્સી કામગીરીનું સુપરવીઝન કરશે. ગત વર્ષે ૩૨૭ બાળકોને સારવાર અપાઈ હતી.

સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમિયાન વર્ષ ૨૦૧૨-૧૩માં હૃદયરોગના-૧૭૪, કીડનીના-૪૪, કેન્સરથી પીડાતા-૩૯ સહિત અન્ય રોગથી પીડાતા મળી ૩૨૭ બાળકોને સારવાર અપાવામાં આવી હતી.

વિ. ઈલેવન પરિવારનો સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા. ૨૧

શહેરમાં સામાજીક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થા વિ ઈલેવન પરિવાર દ્વારા વર્ષ ૨૦૭૦ને આવકારવા સ્નેહમિલન કાર્યક્રમ તા. ૨૪ નવેમ્બરના રોજ ૫.૦૦ કલાકે ડૉ. આંબેડકરભવન સે. ૧૨ ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમમાં સંસ્થાના અગ્રણી ઝવેરભાઈ ચાવડા ગુજરાત અનુ.સૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન ઉપસ્થિત રહેશે. સ્નેહમિલન કાર્યક્રમમાં વિ. ઈલેવન પરિવારના સભ્યોએ ઉપસ્થિત રહેવા પ્રમુખ જી.કે. પરમાર દ્વારા જણાવાયું છે.

સે. ૨૧ ખાતે આધારકાર્ડ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગરના ઉપક્રમે નગરવાસીઓ માટે આધારકાર્ડ ઈસ્યુ કરવા માટેનો કેમ્પ નમન એપાર્ટમેન્ટ સે. ૨૧ ખાતે યોજવામાં આવ્યો હતો. કેમ્પમાં ૧૫૦થી વધારે આધારકાર્ડ કાઢવામાં આવ્યા હતા. કેમ્પમાં સિનિયર સિટીઝનના સભ્ય હસમુખભાઈ શાહ બી. ડી. શાહ, દશરથલાલ પરમાર, મહેન્દ્રસિંહ વાઘેલા, સોમાભાઈ પરમાર, શશીકાન્ત શાહ, પ્રમુખ ભાનુભાઈ પુરાણી તેમજ સીસીકાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

અરવિંદ સંસ્કાર કેન્દ્ર ખાતે પ્રથમ મિલનની શતાબ્દિ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૨૧

શ્રી માતાજીના ભારત દેશમાં થયેલ પ્રથમ આગમન અને શ્રી અરવિંદ સાથેના પ્રથમ મિલનની શતાબ્દિ વર્ષની ઉજવણી નિમિત્તે તા. ૨૪ નવેમ્બર રવિવાર શ્રી અરવિંદ કેન્દ્ર સે. ૨૩ ખાતે સવારે ૯.૩૦ કલાકે ધ્યાન અને પ્રાર્થના કરવામાં આવશે. જ્યારે સાંજે ૪.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ માતૃવંદના હેઠળ નૃત્ય અને સંગીત સંધ્યાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે નગરવાસીઓને ઉપસ્થિત રહેવા શ્રી અરવિંદ કેન્દ્રના ચેરમેન સી.કે. તન્ના દ્વારા જણાવાયું છે.

તેલ પરના સ્ટોક નિયંત્રણની જાહેરાત કિસાન સંઘે બિરદાવી

ખેતપેદાશોને નીચા ભાવે વેચાણ કરવાની ફરજ પડતી હોવાથી પુરવઠા મંત્રીને રજૂઆત

ગાંધીનગર, તા. ૨૧

ખેડૂતોને ગત બે વર્ષની સાપેક્ષમાં કપાસ મગફળી તેમજ એરંડા સહીતના ખેતપાકોને નીચા ભાવે વેચાણ કરવાની ફરજ પડતા કિસાનો દયનીય હાલતમાં મુકાયા હોવાની રજૂઆત ભારતીય કિસાન સંઘે અન્ન નાગરિક પુરવઠા મંત્રી સમક્ષ કરી હતી. આ તબક્કે તેલ પરના સ્ટોક નિયંત્રણની જાહેરાતને બિરદાવી કિસાનસંઘે સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે.

ભારતીય કિસાન સંઘનું એક પ્રતિનિધિ મંડળે પ્રદેશ અધ્યક્ષ મગનભાઈ પટેલની આગેવાની હેઠળ અન્ન નાગરીક પુરવઠા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને રજૂઆત કરી હતી જેમાં ખેડૂતોને પાછલા બે વર્ષની સરખામણીમાં ખેત પેદાશ જેવી કે કપાસ, મગફળી, એરંડા, ગવાર વિગેરેના નીચા ભાવે વેચાણ કરવાની ફરજ પડી રહી છે અને ખેડૂતો લુંટાઈ રહ્યાં હોવાનું જણાવ્યું હતું. રાજય સરકાર દ્વારા તેલ પરના સ્ટોક નિયંત્રણ દૂર કરવામાં આવે તો મગફળીનું પીલાણ કરનાર તથા સીંગદાણાનું એકસપોટ કરનાર ઉદ્યોગપતિઓ તેમની જરૂરી માલ ખરીદવા માર્કેટમાં આવે તો ખેડૂતોને મગફળીના સારા ભાવો મળી શકે તે માટે પણ રજુઆત કરવામાં આવી હતી અને આ સ્ટોક નિયંત્રણ દૂર કરવાની જાહેરાત કરવા બદલ ભારતીય કિસાને સંઘે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

સરકાર દ્વારા ટેકાના ભાવોથી મગફળી ખરીદવા માટેના ૨૨ કેન્દ્રો પર શરૂઆત કરવામાં આવી છે. પરંતુ તેમની ગુણવત્તા અને ક્વોલીટીના નિયમોને કારણે ખેડૂતોની ખરાઈ કરવા માટે ૭-૧૨ માં પાણી પત્રનો ઉલ્લેખ તથા રાજય સરકાર દ્વારા એકર દીઠ મગફળીના સરેરાશ ઉત્પાદનના મર્યાદીત જથ્થામાં ખરીદ કરવાની શરતોને કારણે ખેડૂતો આ ટેકાના ભાવો મેળવી શકતા નથી. નીચા ભાવે ખાનગી વહેપારીને વહેંચી દેવાની ફરજ પડે છે. ત્યારે બીજી બાજુ નાફેડમાં બ્રાન્ચ મેનેજરને મુલાકાતમાં જાણવા મળ્યું છે કે અમારી પાસે પુરતો નાણાંકીય સગવડ, ખરીદવા સેન્ટર, બારદાનો વિગેરે ઉપલબ્ધ હોવા છતાં આવા ખેડૂત વિરોધી નિયમોને કારણે અમે મગફળી ખરીદી શકતા નથી અને ખેડૂતો આ ભાવ લઈ શકતા નથી. બીજે વહેંચી દેવાની ફરજ પડે છે. આ તમામ બાબતોનું ધ્યાન દોરી પ્રતિનિધિ મંડળે મંત્રી તથા કષિ નિયામક અને નાફેડના બ્રાન્ચ મેનેજરને સત્વરે ઘટતું કરવા માટે જણાવ્યું છે.

પ્રદેશ કોંગ્રેસની આગામી ૨૫મીના રોજ કારોબારી બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કારોબારીની આગામી ૨૫મીના રોજ બેઠક મળનારી છે. જેમાં આગામી લોકસભા ચૂંટણીની તૈયારી માટે ચર્ચા-વિચારણા કરાશે અને બે રાજકીય ઠરાવો પણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાની અધ્યક્ષતામાં આગામી ૨૫મીના રોજ પ્રદેશ કારોબારીની બેઠક મળનારી છે. આ બેઠકમાં આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોને વિજયી બનાવવા માટે ચૂંટણી વ્યૂહરચના ઘડવા અંગે ચર્ચા-વિચારણા કરીને ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે.

આ ઉપરાંત આ બેઠકમાં બે રાજકીય ઠરાવો પણ પસાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. જેમાં તાજેતરમાં ગુજરાતના પૂર્વ ગૃહ રાજયમંત્રી પર ફોન ટેપીંગ અને જાસુસી મામલે બહાર પડેલી ઓડીયો ટેપ અંગે તપાસની માંગણી કરતો ઠરાવ કરીને આ મુદ્દે આંદોલન છેડવા માટે ચર્ચા વિચારણા કરીને આંદોલાત્મક કાર્યક્રમો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત સી.એન.જી. ગેસના દરમાં ઘટાડો કરવાની માંગણી કરતો એક ઠરાવ પસાર કરવામાં આવનાર છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી લોકસભા ચૂંટણી આડે હવે માત્ર ચાર માસ જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે પાંચ રાજયોની ચૂંટણી બાદ ગુજરાતમાં આગામી લોકસભાની ચૂંટણીની તૈયારીમાં લાગી જવા અને આ માટે ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૪

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૪૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કીશ-૩ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
ગોરી તેરે પ્યાર મે : ૯.૦૦
રામલીલા : ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

આર વર્ડ

: સ્ક્રીન-૧ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ગોરી તેરે પ્યાર મે : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
ગોરી તેરે પ્રયાર મેં : ૧.૩૦, ૭.૩૦

સિરાગ, કલોલ

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

વૃષભ : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મિથુન : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

કર્ક : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ, મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીક થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

સિંહ : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે.

કન્યા : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

તુલા : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

વૃશ્ચિક : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

મકર : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

મીન : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. અરવિંદભાઈ શિવાભાઈ દંતાણી (ઉ.વ. ૪૨) સૌરાષ્ટ્ર ફરસાણ સામે ફૂટપાથ પર, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. સોમાજી માધાજી ઠાકોર (ઉ.વ. ૮૦) ઈન્દિરા નગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. ચંદુજી શનાજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બબુબેન સોમાભાઈ પરમાર (ઉ.વ. ૮૦) મુ.પો. ગિયોડ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દેહાજી અમથાજી ખાંટ (ઉ.વ. ૫૦) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.